**પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરતી સ્વાયત્ત સંસ્થાઓ / સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ / બોર્ડ / નિગમોને માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમો હેઠળ થતી ફી તથા અન્ય ચાર્જીસ અંગેની આવક જમા કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વહસ–૧૦૦૫–૨૬૬૪–આર.ટી.આઈ. સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૭–૦૩–૨૦૦૬

***વંચાણે લીધો:***

૧. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ વહસ–૨૦૦૫–૪૫૦–આર.ટી.આઈ. સેલ, તા.૦૫–૦૧–૨૦૦૬.

**પ રિ પ ત્ર :**

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યકિતએ ઠરાવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નકકી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપર આમુખ–(૧)માં દર્શાવેલ આ વિભાગના તા.૦૫–૦૧–૨૦૦૬ના પરિપત્રથી આ કાયદા / નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની થયેલ આવક જમા કરાવવા અંગેનું બજેટ સદર નકકી કરવામાં આવેલ છે. આ સંદર્ભે જણાવવાનું કે, આ બજેટ સદર રાજય સરકારની કચેરીઓ કે જેઓની આવક રાજયની તિજોરીમાં જમા કરાવવાની હોય છે અને ખર્ચ રાજયના એકત્રિત ભંડોળમાંથી થાય છે, તે સર્વે કચેરીઓના સંબંધમાં છે. જયારે **પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરતી સ્વાયત્ત સંસ્થાઓ / સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ/ બોર્ડ / નિગમો કે જેઓ માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ–૨(ઝ) મુજબ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવી જાય છે, તેવા જાહેર સત્તામંડળો / કચેરીઓએ આ કાયદા / નિયમો હેઠળ તેઓને થતી અરજી ફી તથા અન્ય ચાર્જીસ અંગેની આવક તેઓના પોતાના હિસાબી ખાતામાં જમા કરાવી શકશે પરંતુ આ અંગેના હિસાબો જે તે સંસ્થા / કચેરીમાં અલગ રીતે દર્શાવી શકાય તે પ્રકારે રાખવાના રહેશે** કે જેથી કાયદાની કલમ–૨૫(૩)(ચ)ની જોગવાઈ મુજબ રાજય માહિતી આયોગને આ કાયદા હેઠળ દરેક જાહેર માહિતી અધિકારી ધ્વારા એકઠા કરવામાં આવેલ ચાર્જીસની રકમની જાણ કરી શકાય.

૩. આ કાયદાની કલમ–૨૫ હેઠળ રાજય માહિતી આયોગે જે તે વર્ષ માટેનો આ કાયદાની જોગવાઈઓના અમલ ઉપર અહેવાલ તૈયાર કરવાનો રહે છે. આવો અહેવાલ તૈયાર કરવા માટે, આયોગને પુરી પાડવાની થતી માહિતી / વિગતો માટે દરેક જાહેર માહિતી અધિકારી / એપેલેટ ઓથોરીટી / જાહેર સત્તા મંડળોએ નિભાવવાના થતા

રજીસ્ટર તથા તે અંગેની ત્રિમાસિક માહિતી અને મોકલવાના થતા પત્રકો અંગે તા.૧૬–૧૧–૨૦૦૫નો પરિપત્ર ક્રમાંકઃ વહસ–૧૦૨૦૦૫–૨૫૫૬– આરટીઆઈ સેલ થી વિગતવાર સૂચના પરિપત્રિત કરી, રજીસ્ટર અને ત્રિમાસિક પત્રકના નમુનાઓ સહિત, રાજય સરકારની વેબસાઈટ http://gswan.gov.in/rti.htm ઉપર પણ મુકવામાં આવેલ છે, જેમાં આ કાયદા હેઠળ મળેલ અરજી ફી અને અન્ય ચાર્જીસની વિગતો પણ દર્શાવવાની રહેતી હોઈ, ઉકત ફકરા–૨માં જણાવ્યા મુજબ આવકનો અલગ હિસાબ રાખવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સી.એસ.ઉપાધ્યાય)**
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- મા.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.
  મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
  તમામ મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  અંગત સચિવશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
  મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટઈમેન્ટ), રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), અમદાવાદ.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગાંધીનગર.
  જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ).
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
  નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ, અમદાવાદ.
  નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો. (તેઓના તાબા હેઠળની સર્વે કચેરીઓના ધ્યાન પર લાવવા વિનંતી)
  સર્વે જિલ્લા કલેકટરશ્રી.
  સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
  સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
  પસંદગી ફાઈલ
  ––––––––––

- પત્ર દ્વારા